GJRJ010087472024

सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૪/૦૯/૨૦૨૪ | | |
| રજીસ્ટર તારીખ | ૨૪/૦૯/૨૦૨૪ | | |
| નિકાલ તારીખ | ૦૮/૦૮/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૧૦ | ૧૫ |

**રાજકોટના મહે. બીજા એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુકામઃ રાજકોટ.**

**<u>સ્પે. કેસ (એટ્રો.) નંબરઃ ૬૨/૨૦૨૪</u>**

**આંકઃ ૫૧**

**<u>ફરિયાદી.</u>**

**સરકારશ્રી,**

**-// વિરૂદ્ધ //-**

**<u>આરોપી.</u>**

**મુરલી સ./ઓ. કન્નનસ્વામી ઉર્ફે જીકનેન ગવન્ડર મદ્રાસી,**
ઉ.વ. પુખ્ત,
રહે. શેરાભાઈ ભરવાડના મકાનમા,
ખોડીયારનગર વિભાગ-૧,
નોબલનગર, સરદારનગર, અમદાવાદ.
મૂળ વતનઃ ગામ ધર્મપુરી, તમિલનાડુ.

**બાબત:** **<u>ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૧૧૪ તથા એટ્રોસીટી એક્ટની કલમ-૩(૧)(૧૦)(૧૧), ૩(૨)(૫-એ).</u>**

**વકિલશ્રીઓ::**
ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એપીપીશ્રી એ. એ. સોસન.
બચાવપક્ષ તરફે વિદ્વાન એલએડીસી વકિલ શ્રી આર. બી. મકવાણા.

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૧૭/૦૧/૨૦૦૮ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૫/૦૨/૨૦૦૮ |
| ચાર્જશીટની તારીખ | ૨૪/૦૯/૨૦૨૪ |
| ચાર્જ ફરમાવ્યાની તારીખ | ૦૬/૧૦/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૬/૦૭/૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | ૩૦/૦૭/૨૦૨૬ |
| ચુકાદો આપ્યા તારીખ | ૦૮/૦૮/૨૦૨૬ |
| સજાનો હુકમ સાંભળ્યાની તારીખ, જો હોય તો | –– |

## આરોપીની વિગત

| આરોપી નો ક્રમ | આરોપીનુ નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુનાની વિગત | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન કાચા કામે ભોગવેલ સજાનો સમયગાળો (Cr.P.C. Se.૪૨૮ મુજબ) |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | મુરલી સ.ઓ. કન્નનસ્વામી ઉર્ફે જીકનેન ગવન્ડર મદ્રાસી. | ૦૨/૦૮/૨૦૨૪ | (**UTP**) | ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૧૧૪ તથા એટ્રોસીટી એક્ટની કલમ ૩(૧)(૧૦)(૧૧), ૩(૨)(૫–એ) | નિર્દોષ | – | – |

## –// ચુ કા દો //–

૧. આ કામના આરોપી સ્પે. (એટ્રો.) કેસ નંબરઃ ૬૨/૨૦૨૪ ની ટ્રાયલનો સામનો કરી રહ્યા છે, તેઓની વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૧૧૪ તથા એટ્રોસીટી

એક્ટની કલમ–૩(૧)(૧૦)(૧૧), ૩(૨)(૫–એ) મુજબના ગુન્હા સબબ આંક–૧૦ થી પુરોગામી વિદ્વાન ન્યાયાધિશશ્રી દ્વારા તહોમતનામું ફરમાવેલ જે તહોમતનામું આરોપીને વાંચી સંભળાવતા તેમનું આંક–૧૧ થી નિવેદન લેવામાં આવેલ જેમાં તેઓએ તહોમતનામાં મુજબના ગુન્હાનો ઈન્કાર કરેલ અને ટ્રાયલની માંગણી કરેલ. જેથી આરોપી સામે તહોમતનામા મુજબના ગુન્હા સબબ ની ટ્રાયલ હાથ ધરવામાં આવેલ છે.

૨. આ કામે એ નોંધવુ જરુરી છે કે, સદરહુ કામે ફરિયાદમાં જણાવ્યા મુજબનો બનાવ વર્ષ ૨૦૦૮ માં બનવા પામેલ અને મુખ્ય આરોપી નંબરઃ ૧ અશોકભાઈ હરીન્દ્રભાઈ રાજબર વિરુદ્ધ તારીખઃ ૦૮/૦૪/૨૦૦૮ ના રોજ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ જેમાં હાલના આરોપી મુરલી સ./ઓ. કન્નનસ્વામી ઉર્ફે જીકનેન ગવન્ડર મદ્રાસીને ચાર્જશીટના કોલમ નંબરઃ ૨ માં પકડાઈ શકયા ન હોય તેવા આરોપી તરીકે દર્શાવવામાં આવેલ અને તે ચાર્જશીટ સ્પે. એટ્રોસીટી સેશન્સ કેસ નંબરઃ ૦૯/૨૦૦૮ થી નોંધાયેલ, જેની ટ્રાયલ પુર્ણ થતા તારીખઃ ૧૯/૦૨/૨૦૧૦ ના રોજ આરોપી અશોકભાઈ હરીન્દ્રભાઈ રાજબરને દોષિત ઠેરવવામાં આવેલ અને ત્યારબાદ હાલના આરોપીની તારીખઃ ૦૨/૦૮/૨૦૨૪ ના રોજ ધરપકડ થતા તેમના વિરુદ્ધનુ પુરવણી ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ, જે સ્પે. (એટ્રો.) કેસ નંબરઃ ૬૨/૨૦૨૪ થી નોંધાયેલ અને મુખ્ય ચાર્જશીટના સ્પે. (એટ્રો.) કેસ નંબરઃ ૦૯/૨૦૦૮ ના કામે નોંધાયેલ સમગ્ર સાક્ષી પુરાવા પૈકી મોટા ભાગના સાક્ષીઓની જુબાની બચાવપક્ષ દ્વારા એડોપ્ટ કરવામાં આવી છે અને ફરિયાદી તથા તપાસ અધિકારીની હાલના કેસમાં સોગંદ ઉપર જુબાની નોંધવામાં આવી છે અને રેકોર્ડ પર રજુ રાખવામાં આવેલ સ્પે. એટ્રોસીટી કેસ નંબરઃ ૦૯/૨૦૦૮ ના મૌખિક પુરાવા અંગે

બચાવપક્ષ દ્વારા કોઈ નોંધપાત્ર ઉલટતપાસ પણ કરવામાં આવી નથી.

**<u>ફરિયાદપક્ષના કેસની ટુંકમા હકીકત</u>.**

3. ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી મનસુખભાઈ ભીખાભાઈ સોલંકી જાતે વણકર રાજકોટ તાલુકાના મોટા મવા ગામે લક્ષ્મીનારાયણ સોસાયટી, રંગોલી પાર્ક, કાલાવડ રોડ રાજકોટ ખાતે તેમના પરિવાર સાથે રહે છે અને મજુરી કામ કરે છે અને તેમને સંતાનમાં બે દિકરી તથા એક દિકરો છે, જેમાં સૌથી મોટી દિકરી ઉ.વ.આ. ૧૩ ની છે અને તેનાથી નાનો છોકરો દિપક ઉ.વ.આ. ૧૧ નો છે અને તેનાથી નાની દિકરી ઉ.વ.આ.૭ ની છે અને તેમની મોટી દિકરી બનાવ અગાઉ છેલ્લા ત્રણેક માસથી રસીકભાઈ રવજીભાઈ ભાલારા કે જેઓનું કારખાનું કણકોટ ગામના પાટીયા પાસે આવેલ છે તેમાં મજુરી કામે જતી હતી. ફરીયાદીનો વધુમાં કેસ એવો છે કે, તારીખઃ ૧૭/૧/૨૦૦૮ ના રોજ કલાક ૨૨–૦૦ થી તારીખઃ ૧૮/૦૧/૨૦૦૮ ના કલાક ૪–૦૦ દરમ્યાન તેમની મોટી દિકરી ઘરેથી કોઈને કહયા વગર જતી રહેલી, જે બાબતે તેમણે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં તેમની દિકરી ગુમ થયા અંગેની જાહેરાત આપેલ હતી, જે અંગે પોલીસે તેમજ તેઓએ તેમની દિકરીની તપાસ કરતા હતા તે દરમ્યાન તારીખઃ ૧૪/૦૨/૨૦૦૮ નાંરોજ તેમની બાજુમાં રહેતા નારણભાઈ ભીમજીભાઈ રાઠોડ નાઓએ તેમને તેમના મોબાઈલ ફોન નંબરઃ ૯૯૧૩૦ ૯૪૮૯૯ ઉપર ફોન કરીને જણાવેલ કે, તારીખઃ ૧૭/૦૧/૨૦૦૮ નારોજ રાત્રીના આશરે સાડા અગિયારેક વાગ્યાના સુમારે તેઓ રોડ ક્રોસ કરીને ઘરે જતા હતા ત્યારે મોટા મવા ગામના બસ સ્ટોપ ઉપર બે છોકરા તેમની દિકરીને રીક્ષામાં બેસાડી લઈ ગયેલા અને તે વખતે તેમની દિકરીએ ભાઈ એમ કહી

બોલાવેલ હતા અને તે વખતે તેઓ તેમનું લ્યુના લઈને રીક્ષાની પાછળ ગયેલા પરંતુ તેઓ તેમને મળેલા નહી અને તેમને જાણવા મળેલ છે કે, તે બંને છોકરા તેમની દિકરી જે કારખાનામાં કામ કરતી હતી તે કારખાનામાં કામ કરતા હતા અને તેઓના નામ મુરલી સરવન કન્નડ જાતે ભૈયાજી, રહે. હાલ નોબલ નગર, શર્મા મોટર્સની સામેની ગલીમાં, અમદાવાદ તથા અશોક રામદાસ ભૈયાજી રહે. ખોડીયારનગર, અમદાવાદ વાળા હોવાનું તેમને જાણવા મળેલ હોય, જેથી તેઓએ તેમને ફોન કરેલ હોવાનું જણાવેલ. આમ, આરોપીઓએ ફરિયાદી દિકરીને લલચાવી ફોસલાવી પોતે સર્વણ જાતીના હોય, બદકામ કરવાના ઈરાદે બળજબરીથી લઈ ગયેલ હોવા બાબતની ફરીયાદ, ફરીયાદીએ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં જાહેર કરતા ફરીયાદીની ફરીયાદ ફરીયાદીના લખાવ્યા મુજબની લખી લીધેલ અને ફરીયાદીની ફરીયાદને આધારે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬, ૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ ૩(૧)(૧૦)(૧૧) ની શિક્ષાને પાત્ર ગુનો રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નંબર) ૭૦/૨૦૦૮ થી તારીખઃ ૧૫/૦૨/૨૦૦૮ ના રોજ નોંધેલ અને ફરિયાદના આધારે તપાસ કરનાર અમલદારે તપાસ કરતા, આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો જણાય આવતા, મુખ્ય આરોપી નંબરઃ ૧ અશોકભાઇ હરીન્દ્રભાઇ રાજબર વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ ૩(૧)(૧૦)(૧૧), ૩(૨)(૫-એ) મુજબના ગુન્હાનુ તારીખઃ ૦૮/૦૪/૨૦૦૮ ના રોજ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ જેમાં હાલના આરોપી મુરલી સ./ઓ. કન્નનસ્વામી ઉર્ફે જીકનેન ગવન્ડર મદ્રાસીને ચાર્જશીટના કોલમ નંબરઃ ૨ માં પકડાઇ શકયા ન હોય તેવા આરોપી તરીકે

દર્શાવવામાં આવેલ અને તે ચાર્જશીટ સ્પે. એટ્રોસીટી સેશન્સ કેસ નંબરઃ ૦૯/૨૦૦૮ થી નોંધાયેલ, જેની ટ્રાયલ પુર્ણ થતા તારીખઃ ૧૯/૦૨/૨૦૧૦ ના રોજ આરોપી અશોકભાઇ હરીન્દ્રભાઇ રાજબરને દોષિત ઠેરવવામાં આવેલ અને ત્યારબાદ હાલના આરોપીની તારીખઃ ૦૨/૦૮/૨૦૨૪ ના રોજ ધરપકડ થતા તેમના વિરુદ્ધનુ પુરવણી ચાર્જશીટ સ્પે. (એટ્રોસીટી એક્ટ) કોર્ટમાં દાખલ કરવામાં આવેલ, જે સ્પે. (એટ્રો.) કેસ નંબરઃ ૬૨/૨૦૨૪ થી નોંધાયેલ છે અને સદરહુ કેસ ઇન્સાફી નિકાલ સારુ રજુ કરવામાં આવેલ છે.

૩.૧. **અત્રે એ નોંધ લેવી ઘટે કે મુખ્ય ચાર્જશીટના સ્પે. (એટ્રો.) કેસ નંબરઃ ૦૯/૨૦૦૮ ના કામે રેકરેડ પર રજુ રખાયેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ પૈકી મોટા ભાગના સાક્ષીઓનો મૌખિક પુરાવો બચાવપક્ષ દ્વારા હાલના કામે એડોપ્ટ કરવામાં આવેલ છે અને હાલના કેસમાં ફરિયાદી તથા ભોગબનનારનો સોગંદ ઉપર પુરાવો નોંધવામાં આવેલ છે જે તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ છે.**

૪. ફરીયાદપક્ષ તર્ફે પોતાના કેસના સમર્થનમા નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(એ) <u>**મૌખિક પુરાવો.**</u>

| ક્રમ | સાહેદની વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરિયાદી–**મનસુખભાઇ ભીખાભાઇ સોલંકી.** | ૧૫ |
| ૦૨ | આરોપીની મેડીકલ તપાસણી કરનાર તથા ભોગબનનારની ઉંમર અંગે અભિપ્રાય આપનાર મેડીકલ ઓફિસર – **ડો. જીતેન્દ્ર જીવરામભાઇ જોષી.** | ૨૦ |
| ૦૩ | ગુન્હાવાળી જગ્યાના પંચનામામના પંચ સાહેદ – **હિરાભાઇ રાજાભાઇ રાઠોડ.** | ૨૧ |
| ૦૪ | ભોગબનનારે બનાવ વખતે પહેરેલ કપડા કબ્જે કર્યાના તથા આરોપીની શરીર સ્થિતિ તેમજ આરોપીને અટક કર્યા અંગેના પંચનામાના પંચ – **રાજેશભાઇ જાદવભાઇ.** | ૨૨ |

| | | |
|---|---|---|
| ૦૪૫ | ભોગબનનારની મેડીકલ તપાસણી કરનાર – **ડો. હંસાબેન લાલજીભાઈ કાચડીયા.** | ૨૩ |
| ૦૬ | નજરે જોનાર સાહેદ **નારણભાઈ ભીમજીભાઈ રાઠોડ.** | ૨૪ |
| ૦૭ | ભોગબનનારના માતા સાહેદ **રસીલાબેન મનસુખભાઈ.** | ૨૫ |
| ૦૮ | ભોગબનનાર સાહેદ. | ૨૬ |
| ૦૯ | ભોગબનનાર તથા આરોપીએ જેમના કારખાનામાં કામ કરતા હતા તે કારખાનાના માલિક સાહેદ – **રસીકભાઈ રામજીભાઈ ભાલાળા.** | ૨૭ |
| ૧૦ | ફરિયાદીની જાતિનુ પ્રમાણપત્ર સાબિત કરનાર – **સાહેદ વિષ્ણુકુમાર બળવંતરાય મહેતા.** | ૨૮ |
| ૧૧ | ફરિયાદીની ફરિયાદ લેનાર અને તપાસ કરનાર – **પ્રવિણસિંહ રામસિંહ રાઠોડ.** | ૨૯ |
| ૧૨ | ફરિયાદ અન્વયે ગુન્હો દાખલ કરનાર પી.એસ.ઓ. – **ખીમજીભાઈ ધનજીભાઈ.** | ૩૦ |
| ૧૩ | તપાસ કરનાર અધિકારી – **સોમાભાઈ બાબરભાઈ રાવત.** | ૩૧ |

## (બી) <u>દસ્તાવેજી પુરાવો.</u>

| **ક્રમ** | **દસ્તાવેજનું વર્ણન અને વિગત** | **આંક** |
|---|---|---|
| ૦૧ | ફરિયાદ. | ૧૬ |
| ૦૨ | ફરિયાદીની જાતિ અંગેના પ્રમાણપત્રની ખરી નકલ. | ૧૭ |
| ૦૩ | ભોગબનનારના જન્મના પ્રમાણપત્રની ખરી નકલ. | ૧૮ |
| ૦૪ | સ્પે. (એટ્રો.) કેસ નંબરઃ ૦૯/૨૦૦૮ ના ઠરાવની નકલ. | ૩૨ |
| ૦૫ | બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ. | ૩૩ |
| ૦૬ | ભોગબનનારના કપડા કબ્જે કર્યાના પંચનામાની ખરી નકલ. | ૩૪ |
| ૦૭ | બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ. | ૩૫ |
| ૦૮ | ભોગબનનારના સારવાર પ્રમાણપત્રની ખરી નકલ. | ૩૬ |
| ૦૯ | ભોગબનનારની ઉંમર અંગેના પ્રમાણપત્રની ખરી નકલ. | ૩૭ |
| ૧૦ | ગુમ થનાર વ્યક્તિની વિગત અંગેના ફોર્મની ખીર નકલ. | ૩૮ |
| ૧૧ | ભોગબનનારની ઉંમર નક્કી કરવા બાબતેના પત્રની ખરી નકલ. | ૩૯ |
| ૧૨ | ભોગબનનારની ઉંમર નક્કી કરતા સમયેના મેડીકલ પેપર્સની ખરી નકલ. | ૪૦ |
| ૧૩ | મુદામાલ મળ્યા અંગેની પહોંચ. | ૪૧ |
| ૧૪ | ભોગબનનારની મેડીકલ તપાસણી કરવા અંગેના પત્રની | ૪૨ |

| | | |
|---|---|---|
| | ખરી નકલ. | |
| ૧૫ | મુદામાલ પૃથ્થકરણ કરી અભિપ્રાય આપવા અંગેના પત્રની ખરી નકલ. | ૪૩ |
| ૧૬ | મુદામાલ પૃથ્થકરણ આખરી અહેવાલની ખરી નકલ. | ૪૪ |
| ૧૭ | કલમ ૧૬૫ ના ઉતારાની ખરી નકલ. | ૪૫ |
| ૧૮ | આરોપીના ચાર્જશીટની ખરી નકલ. | ૪૬ |

**૫.** આ કામે વિ.એ.પી.પી.શ્રીએ કલોઝીંગ પુરસીસ આપ્યા બાદ, કોર્ટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૩ ને અનુસરીને આરોપીને સોગંદ ઉપર જુબાની આપવા માંગતા હોય અગર તો બચાવમાં સાહેદો તપાસવા માંગતા હોય તો તેમ કરવાનો તેમનો પુરેપુરો અધિકાર છે તે મતલબની સમજણ તેમને પુરી પાડેલી છે, પરંતુ આરોપી તેવા અધિકારનો ઉપયોગ કરવા માંગતા નથી તેમજ કોઈ પુરાવો રજૂ કરવા માંગતા નથી તેવું આરોપીએ જાહેર કરતાં ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરિયાદ પક્ષનાં પુરાવાની વિગતો નકારી કાઢેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, તેઓએ કોઇ ગુન્હો કરેલ નથી. નિર્દોષ છોડી મુકવા વિનંતી છે.

**૬.** આ કામે ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાઓનુ મૂલ્યાંકન કરતાં પહેલાં બંને પક્ષના વિ.વ. શ્રીઓ દ્વારા કરવામાં આવેલી સમગ્ર રજૂઆતો ધ્યાને લેવામાં આવેલ છે. ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી રજૂઆત કરતાં જણાવે છે કે, આ કામે ફરિયાદ પક્ષ તરફે જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે જોતાં મુખ્ય આરોપી અશોક હરીન્દ્રભાઈ રાજબરને સ્પે. એટ્રોસીટી કેસ નંબરઃ ૦૯/૨૦૦૮ ના કામે દોષિત ઠેરવવામાં આવેલ છે અને તે કામે રજુ થયેલ તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવો હાલના કામે એડોપ્ટ કરવામાં આવેલ હોય અને રેકર્ડ ઉપરની સમગ્ર હકીકતો ધ્યાને લેતા તેમજ

હાલના આરોપીનો રોલ ધ્યાને લેતા તેઓએ મુખ્ય આરોપીને ગુન્હો આચરવામાં મદદગારી કર્યાનો રોલ હોવાનુ સ્પષ્ટપણે ફલીત થાય છે જેથી જ્યારે મુખ્ય આરોપીને દોષિત ઠેરવવામાં આવેલ હોય તે સંજોગોમાં ફરીયાદપક્ષ રેકર્ડ પર રજુ થયેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓની હકીકતોથી સમર્થન મળતું હોઈ, આરોપી વિરૂધ્ધ ગુનો સાબીત થતો હોઈ આરોપીને સખત સજા કરવા અરજ ગુજારેલ છે.

૭. જયારે બચાવપક્ષ તરફે વિ. એલએડીસી વ. શ્રી દ્વારા પોતાની દલીલોમાં જણાવે છે કે, હાલના કેસમાં ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ કરેલા આક્ષેપો તેમજ તહોમતનામાં મુજબનો કોઈ ગુનો ફરીયાદપક્ષ સાબીત કરી શકેલ નથી. વધુમાં આ કામે હાલના આરોપીનો રોલ ધ્યાને લેવામાં આવે તો તેઓ દ્વારા ભોગબનનાર સાથે કોઇ શારિરીક સંબંધ બાંધેલ નથી કે તેણીનુ અપહરણ કરી લઇ જવામાં મુખ્ય આરોપીને મદદગારી કરેલ હોવાનુ રેકર્ડ પર રજુ થયેલ સમગ્ર પુરાવાઓમાંથી નિઃશંકપણે ફલીત થતુ નથી અને મહત્વના સાહેદ ભોગબનનારે તેમના સમગ્ર પુરાવામાં હાલના આરોપી વિરુદ્ધની કોઈ જ હકીકતો જણાવેલ નથી તેમજ આ કામે રેકર્ડ પર રજુ થયેલ અન્ય સાહેદોનો પુરાવો વંચાણે લઇએ તો પણ હાલના આરોપીને આક્ષેપિત ગુન્હા સાથે સાંકળી શકાય તેવો સચોટ, મજબૂત અને સ્પષ્ટ પુરાવો રજુ થયેલ નથી. આ તમામ સંજોગો, કારણો ધ્યાને લઈ ફરિયાદપક્ષે હાલના આરોપીને તેમના વિરુદ્ધ આક્ષેપિત ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

૮. સદર કામે બન્ને પક્ષની રજૂઆતો, કેસની હકીકતો અને અત્રે રજુ થયેલ પુરાવા ધ્યાને લેતા સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના

મુદ્દા ઉપસ્થિત થાય છે.

**૧. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ફરિયાદીની ભોગ બનનાર પુત્રી અનુસૂચિત જાતિની સભ્ય હોવાનું આરોપીઓ જાણતા હોવા છતાં હાલના આરોપીએ સહઆરોપી અશોકભાઈ હરીન્દ્રભાઈ રાજબર સાથે એકસંપ થઈ, તારીખઃ ૧૭/૦૧/૨૦૦૮ના રોજ રાત્રિના ૨૨:૦૦ કલાકથી તારીખઃ ૧૮/૦૧/૨૦૦૮ના રોજ વહેલી સવારે ૦૪:૦૦ કલાક દરમિયાન મોટા મવા, કાલાવાડ રોડ, રાજકોટ ખાતેથી ફરિયાદીની પુત્રી ભોગ બનનારને લલચાવી, ફોસલાવી તેના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ તથા અપનયન કરવામાં સહઆરોપીને મદદગારી કરી હાલના આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬, ૧૧૪ તથા એટ્રોસીટી એક્ટની કલમ–૩(૧)(૧૦)(૧૧), ૩(૨)(૫–એ) મુજબ શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે ?**

**૨. શું હુકમ ?**

૯. ઉપરોક્ત મુદાઓના આ અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

**૧) નકારાત્મક,**

**૨) આખરી હુકમ મુજબ.**

–// <u>કા ર ણો</u> //–

**<u>પુરાવાનું મુલ્યાંકન</u>:–**

**૧૦.** ફોજદારી કાર્યવાહી દરમ્યાન સાહેદોના ત્રણ પ્રકાર નકકી કરી શકાય. (૧) પ્રથમ એવા સાહેદ કે જેમનો પુરાવો સાહજિક અને સત્યથી નજીક હોય તે પુરાવો અદાલત સ્વીકારી શકે અને તે પુરાવો માનવાલાયક અને ભરોસાપાત્ર છે. (૨) બીજા સાહેદો કે જેનો પુરાવો સત્ય અથવા અસત્ય મિશ્રિત કથન આપતા હોય તો તેવા સમયે અદાલતે જો સત્ય અને અસત્ય દુર કરી શકાય તેમ હોય તો જે પુરાવો ભરોસાપાત્ર, માનવાલાયક અને

સ્વીકારવાલાયક હોય તેટલો પુરાવો સ્વીકારવો જોઈએ અને અન્ય પુરાવો અસ્વીકૃત કરવો જોઈએ. (૩) સાહેદોનો ત્રીજો પ્રકાર એવો છે કે, જે સાહેદોનો પુરાવો સાહજીક અને સત્યની નજીક ન હોય, દુર હોય માનવાલાયક ન હોય તો, પુર્ણપણે અદાલતે અવગણવો જોઈએ.

**૧૧.** ભોગ બનનારના માતા–પિતા, ભાઈ–બહેન અગર તો નજીકનાં સગા કે હિતેચ્છુ કે મિત્ર હોય, તેટલા જ કારણોસર પુરાવો અવગણવો ન જોઈએ પરંતુ, અદાલતે સતર્કતા દાખવી મુલ્યાંકન કરવું જોઈએ. નજરે જોનાર સાહેદ તથા ઈજા પામનાર સાહેદોનો પુરાવો તેમજ જાહેર સેવક તેમની ફરજની રુએ જે કાર્ય બજાવતા હોય તે પુરાવો તેમજ નિષ્ણાંત અભિપ્રાય અને મંતવ્ય સિધ્ધ પુરાવો અદાલતે સામાન્ય રીતે સ્વીકારવો જોઈએ. ઉપરોકત કાનુની પ્રસ્થાપિત સર્વો સામાન્ય સિધ્ધાંતો અનુલક્ષીને અદાલતે રજુ મૌખિક પુરાવો જે સાહેદો અદાલત સમક્ષ પ્રસ્તુત કરતા હોય ત્યારે પુરાવાના મુલ્યાંકન સમયે બનાવ કે ઘટના કઈ પરિસ્થિતિ અને સંજોગોમાં બનેલ છે. બનાવ બન્યા બાદ અદાલત સમક્ષ પુરાવો આપવા દરમ્યાનનો સમય ગાળો, અદાલતનું વાતાવરણ, સાહેદોની માનસિક–શારિરીક, બૌધ્ધિક સમજતા, ક્ષમતા જેવા પરિબળો લક્ષમાં લેવાના રહે છે.

**૧૨.** ફરીયાદપક્ષના રજુ પુરાવામાં વિરોધાભાસ, અતિરેક, વિસંગતતા અગર અસંગતતા સામાન્ય રીતે જોવા મળતી હોય છે. આ પ્રકારની અસંગતતા, વિરોધાભાસ, અતિરેક કે વિસંગતતા સમગ્ર રીતે ફરીયાદપક્ષના પુરાવાને કલુષિત, દુષિત અસર કરતી ન હોય તેવા સમયે વિસંગતા અતિરેક અવગણવી જોઈએ. સાક્ષી અદાલત સમક્ષ જયારે જુબાની આપવા આવે છે તે સમયે પોતાની વિશ્વસનિયતા પ્રસ્થાપિત કરવા અગર તો, અદાલત તેને ખોટો ન

માને, તેવા ભયના કારણસર, લાગણીના કારણે કે અન્ય કારણોસર કેટલીક હકીકતો, કથનો ઉમેરે અગર તો રજુ ન કરે તે અસંભવિત છે. તે હકીકત અદાલતે પુરાવાનાં મુલ્યાંકન સમયે લક્ષમાં લેવી જોઈએ. જયારે પુરાવો પુર્ણપણે રજુ ન થાય તેવા સમયે સ્વાભાવિક દલીલ થઈ શકે કે પુરાવો કૃત્રિમ છે, તેજ રીતે જયારે પુરાવો પુર્ણપણે ન હોય ત્યારે તેથી વિપરીત દલીલ થઈ શકે કે પુરાવો સંપુર્ણ નથી. પુર્ણતા અદાલત સમક્ષના પુરાવામાં સંભવી ન શકે વિજ્ઞાનના સુત્ર મુજબ "2H2 + 02 =2H20" અદાલત સમક્ષના પુરાવામાં શકય નથી. પુરાવાના મુલ્યાંકન માટે કોઈ સ્પષ્ટ વૈધાનિક કાનુની નિયમ નથી, પરંતુ અદાલતે જે તે કેસની હકીકત, સંજોગો, પુરાવો અનુલક્ષીને પુરાવાનું મુલ્યાંકન કરવાનું છે.

૧૩. ૨૦૦૭, જી.એલ.આર. પાના નંબરઃ ૯૯, જયંતિભાઈ કુબેરદાસ સવા વિ. સરકારના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે એવું નોંધેલ છે કે, પુરાવાના મુલ્યાંકન અંગેના સિદ્ધાંત જોતા, બધી બાબતમાં પોલાદી સત્ય હકીકત તારવતો, ફરીયાપક્ષનો કેસ હોઈ શકે નહી. અદાલતે સાહેદની સમજ શકિત અને તે સમજી શકે છે તેવા મગજનાં સ્તરને ધ્યાનમાં રાખી, પુરાવાનું મુલ્યાંકન કરવાનું છે. વ્યાજબી શંકાથી પર સાબિતી, એ માત્ર માર્ગદર્શન છે તે કોઈ સિદ્ધાંત પ્રત્યેની અંધશ્રદ્ધા નથી.

**<u>મુદ્દા નંબરઃ ૧ ની ચર્ચા</u>.**

૧૪. સર્વ પ્રથમ ફરિયાદપક્ષ તર્ફે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતા પહેલા ભોગબનનાર/ફરિયાદી અનુસુચિત જાતિના સભ્ય છે કે કેમ ? તે સંબંધે જોઈએ તો આ કામે રજુ થયેલ આંક ૧૭ ના ભોગ બનનારના પિતાના જાતિ અંગેના પ્રમાણપત્રની નકલ વંચાણે

લેતા તેમાં ભોગ બનનારના પિતાની જાતિ અનુસુચિત જાતિ તરીકે માન્ય કરેલ જાતિઓ પૈકી **"વણકર"** હોવાનુ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી, રાજકોટ નાઓ દ્વારા પ્રમાણપત્ર ઈશ્યુ કરવામાં આવેલ છે અને તેમાં ફરિયાદી અનુસુચિત જાતિના સભ્ય હોવાનું દર્શાવેલ છે. જો કે ફરિયાદપક્ષે ભોગ બનનાર પિતાના આ જાતિના પુરાવાનો આધાર આપનાર સતાધિકારીને તપાસેલ નથી કે ભોગબનનારના પિતાના જાતિ અંગેના પ્રમાણપત્રની નોંધ કયા આધારે કરવામાં આવેલી તે સંબંધે કોઈ પુરાવો રજુ કરેલ નથી તેમછતા ઉપરોક્ત રજુ થયેલ જાતિના આધારની નકલ જોતા તેમાં ભોગ બનનારના પિતાનું નામ, જાતિ વિગેરે હકીકતો હોવાનું સ્પષ્ટપણે જણાય છે અને સદરહુ ભોગ બનનાર પિતાના જાતિના આધારની નકલ યોગ્ય રીતે પુરાવામાં દાખલ કરેલ છે અને તેને આંક આપવા સામે બચાવપક્ષે કોઈ તકરાર લીધેલ નથી ત્યારે સદર જાતિના આધારની નકલ ભોગ બનનારના પિતાની જ હોવાનું અને તેમાં જણાવેલ ભોગ બનનારના પિતાની જાતિની હકીકતો સાચી હોવાનું માની શકાય તેમ છે, તે હકીકત લક્ષમાં લેતા ભોગ બનનાર **"વણકર, અનુસુચિત જાતિ"** ના સભ્ય હોવાનું ફલીત થાય છે.

<u>ફરિયાદી તથા ભોગબનનાર અને ફરિયાદીના પત્નિનો મૌખિક પુરાવો.</u>

**૧૫.** વધુમાં આ કામે ફરિયાદપક્ષ તરફે **આંક ૧૫ થી ફરિયાદી મનસુખભાઇ ભીખાભાઇ સોલંકી**ને સોગંદ ઉપર તપાસ્યા છે અને તેઓએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, સને–૨૦૦૮ ની સાલમાં લક્ષ્મીનારાયણ સોસાયટી, રંગોલી પાર્ક, કાલાવડ રોડ, મોટા મોવા, રાજકોટ મુકામે તેઓ રહેતા હતા અને તેમને સંતાનમાં બે દીકરી તથા એક દીકરો છે. ભોગબનનાર તેમની મોટી દીકરી થાય છે અને તેઓ

અનુસુચિત જાતિ પૈકી વણકર જ્ઞાતિના છે. વધુમાં ફરિયાદી જણાવે છે કે તેઓએ તારીખઃ ૧૫/૦૨/૨૦૦૮ ના રોજ ભોગબનનાર દીકરી સાથે ભગાડીને લઇ જઇ દુષ્કૃત્ય કર્યા અંગેની ફરીયાદ અશોક રામદાસ ભયાજી વિરુધ્ધ ફરીયાદ કરેલી અને સદરહુ ફરીયાદ અનુસંધાને આરોપી અશોક ભયાજી (અશોકભાઇ હરીન્દરભાઇ રાજબર) સામેનો કેસ ચાલી જતા નામ. કોર્ટ દ્વારા આરોપીને તારીખઃ ૧૯/૦૨/૨૦૧૦ ના રોજ સ્પે. એટ્રોસીટી કેસ નંબરઃ ૯/૨૦૦૮ ના કામમાં સજા થયેલી, જે ફરીયાદ નિશાની–૯/૧ થી આ કામમાં રજુ રાખેલ છે, જે ફરીયાદની ખરીનકલમાં પોતાની સહી હોવાનુ ઓળખી બતાવતા, ફરિયાદ આ કામે આંક ૧૬ થી રજુ થયેલ છે તેમજ તેઓની જાતી અંગેનો દાખલો આ કામે આંક ૧૭ થી રજુ રાખવામાં આવેલ છે કે જે દાખલો તેઓએ પોલીસને ફરીયાદ સાથે આપેલો હતો. વધુમાં ફરિયાદીના પુરાવા દરમ્યાન ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રની નકલ આંક ૧૮ થી રજુ થયેલ છે. વધુમાં ફરિયાદીએ જણાવેલ છે કે તેઓ મુરલી ગવન્ડર (મુરલી સરવન કન્નેડ) ને ઓળખે છે તે તથા આરોપી અશોક બંને બનાવ સમયે કારખાનામાં સાથે કામ કરતા હતા અને ફરિયાદીને કોર્ટ ફાઇલમાંથી ચહેરાનિશાન પત્રકમાંથી હાલના આરોપીનો ફોટો બતાવતા ફરિયાદી આરોપી મુરલીને ઓળખી બતાવે છે.

**૧૫.૧** આ કામે ફરિયાદીની બચાવપક્ષ તરફે વિદ્વાન એલએડીસી વકિલશ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં ફરિયાદીએ સ્વીકારેલ છે કે,...

**"એ વાત ખરી છે કે, ભોગબનનારને ભગાડી લઇ જતા મે નજરે જોયેલ નથી."**

**"એ વાત ખરી છે કે, આરોપી મુરલીને અગાઉથી મે જોયેલ હોય તેવુ મે મારી ફરીયાદમાં લખાવેલ નથી."**

**"એ વાત ખરી છે કે, ભોગબનનાર ઘરેથી એકલી ચાલી ગયેલી હતી." "એ વાત ખરી છે કે, આરોપી મુરલી મારી દીકરી ભોગબનનારને ભગાડી ગયેલ નથી."**

**૧૫.૨** આમ, ફરિયાદીનો ઉપરોક્ત નોંધવામાં આવેલ સમગ્ર પુરાવો વંચાણે લઈએ તો ફરિયાદી હાલના આરોપીને તેઓ ઓળખતા હોવાનુ તેમજ હાલના આરોપી તેમજ આરોપી અશોક બનાવ વખતે કારખાનામાં સાથે કામ કરતા હોવાનુ જણાવેલ છે અને હાલના આરોપીનો ફોટો જોઈ ઓળખી બતાવેલ છે. જ્યારે ઉલટ તપાસમાં ફરિયાદીએ સ્પષ્ટ સ્વીકારેલ છે કે, ભોગબનનારને ભગાડી લઈ જતા તેઓએ નજરે જોયેલ નથી તેમજ આરોપી મુરલીને અગાઉથી તેઓએ જોયેલ હોય તેવુ તેઓએ તેમની ફરીયાદમાં લખાવેલ નથી તેમજ ભોગબનનાર ઘરેથી એકલી ચાલી ગયેલી હતી અને આરોપી મુરલી તેમની દીકરી ભોગબનનારને ભગાડી ગયેલ નથી. આ સંજોગોમાં ફરિયાદી હાલના આરોપીને ઓળખતા હોવાનુ તેમજ સહ આરોપી અશોક સાથે બનાવ સમયે કારખાનામાં કામ કરતા હોવાનુ જણાવેલ છે પરંતુ હાલના આરોપી મુરલી ભોગબનનાર કે જે અનુસુચિત જાતિની સભ્ય હોવાનુ જાણવા છતા તેણીને ભગાડી ગયેલ હોય કે સહઆરોપી અશોકભાઈ સાથે એકસંપ થઈ ભોગબનનારને ભગાડી જવામાં સહઆરોપીને હાલના આરોપીએ મદદગારી કરેલ હોવાની હકીકતોને ફરિયાદીના પુરાવાથી સમર્થન મળતુ નથી. જેથી હાલના આરોપીએ સહઆરોપી અશોકભાઈ હરીન્દ્રભાઈ રાજબર સાથે એકસંપ થઈ, તારીખઃ ૧૭/૦૧/૨૦૦૮ના રોજ રાત્રિના ૨૨:૦૦ કલાકથી તારીખઃ ૧૮/૦૧/૨૦૦૮ના રોજ વહેલી સવારે ૦૪:૦૦ કલાક દરમિયાન મોટા મવા, કાલાવાડ રોડ, રાજકોટ ખાતેથી ભોગ બનનાર કે જે અનુસુચિત જાતિની સભ્ય હોવાનુ જાણવા છતા તેણીને લલચાવી, ફોસલાવી તેના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ તથા

અપનયન કરવામાં સહઆરોપીને મદદગારી કરી હોવાની હકીકતો પુરવાર થતી નથી. જેથી ફરિયાદીના પુરાવાથી આરોપીને આક્ષેપિત ગુન્હા સાથે સાંકળી શકાય તેમ નથી.

૧૬. ભોગબનનારે મુખ્ય ચાર્જશીટના સ્પે. એટ્રોસીટી કેસ નંબરઃ ૦૯/૨૦૦૮ ના કામે સોગંદ ઉપર જે મૌખિક પુરાવો આપેલ છે તે સમગ્ર પુરાવો બચાવપક્ષ તરફે એડોપ્ટ કરેલ છે અને **ભોગબનારનો સોગંદ ઉપરનો સમગ્ર પુરાવો આ કામે આંક ૨૬** થી રજુ થયેલ છે જેમાં ભોગ બનનારે જણાવેલ છે કે, બનાવ સવા વર્ષ પહેલા બનેલો અને બનાવના અરસામાં તેણી રસીકભાઈ પટેલના કારખાનામાં કે જે કારખાનુ કણકોટ ગામના પાટીયે આવેલ છે ત્યાં કામ કરતી હતી અને તેણીની સાથે કારખાનામાં અશોક હરીન્દર તથા શ્રધ્ધાબેન બાવાજી અને મુરલી કામ કરતા હતા. તેણીના પુરાવા મુજબ ગત ઉતરાણના એકાદ દિવસ પહેલા તેણીએ આરોપી અશોકને ફોન કરેલ, તે પહેલા મુરલી તથા અશોક શ્રધ્ધાને લઈને અમદાવાદ જતા રહેલા હતા અને ફોનમાં આરોપી અશોકે તેણીને કાલાવડ રોડ ઉપર લક્ષ્મીનારાયણ સોસાયટી પાસે રોડ ઉપર રાત્રે અગીયાર વાગ્યે આવવાનું કહેલ અને તેથી તેણી રાત્રીના અગીયારેક વાગ્યે ઘરના બધા સુઈ ગયેલા ત્યારે સદર સ્થળ આવેલ, જયાં મુરલી તથા આરોપી અશોક હાજર હતા અને ત્યારબાદ તેઓ ત્યાંથી રીક્ષામાં બેસી બસ સ્ટેન્ડે ગયેલા અને ત્યાંથી અમદાવાદ ગયેલા અને અમદાવાદ બસ સ્ટેન્ડેથી આરોપી અશોકના ઘરે ગયેલા અને મુરલી શ્રધ્ધાને જયાં રાખેલી ત્યાં જતો રહેલ અને તેણી અશોકના ઘરે ગયેલી ત્યારે અશોકના ઘરના કોઈ સભ્યો હાજર ન હતા ત્યાંથી અશોક તેણીને શ્રધ્ધાને જયાં રાખેલી ત્યાં લઈ ગયેલ અને ત્યારબાદ તેઓ ચારેય જણા ટ્રેનમાં દિલ્હી ગયેલા જયાં તેઓએ સુધીરભાઈની રૂમ ભાડે રાખેલી જે રૂમ અશોકે ભાડે

રાખેલી અને ત્યાં સુધીરભાઈની રૂમમાં તેઓ ચારેય જણા સાથે રહેતા હતા અને ત્યારબાદ દિલ્હીથી અશોકના વતનમાં બનપાલી ગોસાઈ ગામે ગયેલા. તેણીના પુરાવા મુજબ આ દરમ્યાન તેણીએ તેણીના બાપુજીને ફોન કરેલ અને તેણીના બાપુજી અને પોલીસ આવેલા અને ત્યાંથી પોલીસ તેણીને તથા અશોકને લઈને રાજકોટ આવેલ અને પોલીસે આ બનાવ સબંધે તેણીની પુછપરછ કરી તેણીનો જવાબ લીધેલો અને તેણીએ આરોપીને કોર્ટમાં ઓળખી બતાવેલ તેમજ મુદ્દામાલના કપડા કોર્ટમાં ઓળખી બતાવેલ છે.

**૧૬.૧** આ સાહેદણની આરોપીના વિદ્વાન વકીલશ્રીએ મુખ્ય સેશન્સ કેસમાં કરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેઓ પહેલા ખાખરીયા કાલાવડ ગામ પાસે રહેતા હતા અને તેણીનો જન્મ ત્યાં થયેલો અને તેણી પ્રાથમીક શાળામાં ત્યાં અભ્યાસ કરતી હતી. તેણીએ તેણીની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, સ્કુલમાં તેણીની જન્મ તારીખ તેણીના પિતાશ્રીએ લખાવેલી અને છેલ્લે તેણી રાજકોટમાં નવમાં ધોરણમાં અભ્યાસ કરતી હતી. આ સાહેદણે આરોપી તરફથી કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેણીની સાથે બીજી છોકરીઓ કારખાનામાં કામ કરવા આવતી હતી, જેમાંથી શ્રધ્ધા તેણીની પાકી બહેનપણી હતી અને શ્રધ્ધાએ તેણીને વાત કરેલ કે તેણી ભાગી જવાની છે. તેણીએ ઉલટતપાસમાં જણાવેલ છે કે, બીજા દિવસે ફોનમાં સમય નક્કી કરેલો અને તે નક્કી કરેલ સમયે તેણી આરોપી અશોકને રોડ ઉપર મળેલી, અને તેણીએ આરોપી અશોકને એમ પણ કહેલ કે, તેણી રોડ ઉપર આવશે. તેણીએ ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેણીના ઘરના બધા સભ્યો સુઈ ગયેલા અને તેણી કોઈને કહયા વગર રાજીખુશીથી સ્વૈચ્છાએ ઘરેથી નીકળી ગયેલી. વધુમાં તેણીએ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, તેણી શ્રધ્ધા અને મુરલીને અવાર નવાર મળતી હતી અને તેણી રાત્રે અગીયાર વાગ્યે ઘરેથી નીકળી

ત્યારે તેણી એકલી હતી અને તેણીની પાસે કપડા કે કોઈ રોકડ રકમ ન હતી.

૧૬.૨ વધુમાં **હાલના કામે ભોગબનનારની બચાવપક્ષ તરફે વિદ્વાન એલએડીસી વકિલશ્રી દ્વારા ઉલટ તપાસ** કરવામાં આવેલ છે જેમાં **આરોપી રાજકોટ જેલમાંથી નામ. કોર્ટમાં વિડિયો કોન્ફરન્સ મારફત હાજર હોય તેને સાહેદે જોયે ઓળખી બતાવેલ નથી તેમજ સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે તેણી આરોપીને ઓળખતી નથી.** વધુમાં ભોગબનનાર સાહેદે સ્વીકારેલ છે કે,....

**"એ વાત ખરી છે કે હું આરોપી મુરલી કન્નનસ્વામી ગવંડરને કયારેય મળેલી નથી."**

**"એ વાત ખરી છે કે, હું હાલના આરોપી સાથે કોઈ જગ્યાએ ગયેલ હોય તેવુ બનેલ નથી."**

**"એ વાત ખરી છે કે આરોપી મને ભગાડી ગયેલ નથી કે ભગાડી જવામાં કોઈ મદદગારી કરેલ નથી."**

૧૬.3 વધુમાં ભોગબનનારની ફરિયાદપક્ષ તરફે ફેરતપાસ કરવામાં આવેલ છે પરંતુ ભોગબનનારે એ હકીકતોનો ઈન્કાર કરેલ છે કે તેણી આરોપી મુરલી કન્નનસ્વામી ગવંડરને ઓળખતી હોવા છતા ખોટી હકીકત જાહેર કરે છે અને આરોપી મુરલી કન્નનસ્વામી ગવંડર તેણીને રીક્ષામાં લઈ જવા આવેલો હતો.

૧૬.૪ આમ, ભોગબનનારે સરતપાસમાં હાલના આરોપી મુરલી તેમની સાથે કારખાનામાં કામ કરતા હોવાનુ તેમજ તેણી બનાવ સમયે જે જગ્યાએ ગયેલી તે સમયે મુરલી તેમજ અશોક બન્ને ત્યાં હાજર હોવાનુ તેમજ તેઓ બધા રીક્ષામાં બેસી બસ સ્ટેન્ડે ગયેલ હોવાનુ અને ત્યાંથી અમદાવાદ ગયેલ હોવાનુ તેમજ મુરલી શ્રદ્ધાને જયાં રાખેલ હતી ત્યાં ગયેલ હોવાનુ તેમજ ત્યારબાદ તેઓ ચારેય જણા ટ્રેનમાં દિલ્હી ગયેલા અને ત્યારબાદ દિલ્હીથી અશોકના વતનમાં બનપાલી ગોસાઈ ગામે

ગયેલા હોવાનુ જણાવેલ છે. જ્યારે ભોગબનનારે સદરહુ કામે બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સ્પષ્ટ સ્વીકારેલ છે કે, **તેણી હાલના આરોપી મુરલીને ઓળખતી નથી તેમજ તેણી આરોપી મુરલી કન્નનસ્વામી ગવંડરને કયારેય મળેલી નથી તેમજ તેણી હાલના આરોપી સાથે કોઈ જગ્યાએ ગયેલ હોય તેવુ બનેલ નથી તેમજ આરોપી તેણીને ભગાડી ગયેલ નથી કે ભગાડી જવામાં કોઇ મદદગારી કરેલ નથી** તેમ જણાવેલ છે. આ સંજોગોમાં ભોગબનનારનો સમગ્ર પુરાવો વંચાણે લેતા હાલના આરોપીએ ભોગબનનાર અનુસુચિત જાતિની સભ્ય હોવા છતા તેણીને લલચાવી ફોસલાવી તેણીનુ અપહરણ કરવામાં સહ આરોપી અશોકભાઇને મદદગારી કરેલ હોવાની હકીકતો ફલીત થતી નથી તેમ અત્રેની કોર્ટનુ માનવુ છે.

**૧૬.૫** વધુમાં ભોગબનનારે તેની સરતપાસમાં તેણી અને આરોપી અશોક તથા હાલના આરોપી અગાઉ એક જ કારખાનામાં કામ કરતા હતા અને તેને પહેલેથી જ ઓળખે છે અને બનાવના દિવસે ભોગબનનાર રાત્રીના અગીયાર વાગ્યે ઘરના બધા સુઇ ગયેલ ત્યારે રોડ ઉપર આવેલ ત્યાં મુરલી તથા અશોક હાજર હતા પછી તેઓ ત્રણેય રીક્ષામાં બેસી રાજકોટ બસ સ્ટેન્ડે ગયેલા ત્યાંથી અમદાવાદ ગયેલા, મુરલી શ્રધ્ધાને રાખેલ ત્યાં જતો રહેલો અને ભોગબનનાર અશોકના ઘરે ગયેલ ત્યારબાદ તેઓ ટ્રેનમાં દિલ્હી ગયેલા અને ત્યાં સુધીરભાઈની રૂમ ભાડે રાખીને રોકાયેલા અને આ રૂમ અશોકે ભાડે રાખેલી અને દિલ્હીથી અશોકના વતનમાં બનવાલી ગોસાઇ ગયેલ હોવાનુ જણાવેલ છે પરંતુ, હાલના આરોપીએ ભોગબનનાર સાથે રુબરુ કોઈ વાતચીત કરેલ હોય, ફોન દ્વારા કોઈ વાતચીત કરેલ હોય અને લલચાવેલ હોય કે આ દરમ્યાન ભોગબનનાર સાથે કોઈ જોરજબરજસ્તી કે દૂષ્કૃત્ય હાલના આરોપી દ્વારા આચરવામાં આવેલ

હોય તેવી કોઈ હકીકત ભોગબનનાર તથા ફરિયાદીનાં પુરાવામાં જણાઈ આવેલ નથી અને ભોગબનનાર તથા હાલના આરોપી અગાઉ કારખાનામાં કામ કરતા હતા અને જેના કારણે હાલના આરોપી ભોગબનનાર જ્યારે ઘરેથી એકલી નીકળી અને સહ આરોપી અશોકના જણાવ્યા મુજબના સ્થળે તેમજ ત્યારબાદ અમદાવાદ અને દિલ્હી વિગેર સ્થળોએ હાલના આરોપી હાજર હોવા માત્રથી હાલના આરોપીએ ભોગબનનારનુ અપહરણ/અપનયન કરેલ હોય કે અપહરણ કરવામાં સહ આરોપીને મદદગારી કરેલ હોવાનુ માની શકાય નહિ પરંતુ તેને "**એકમ્પની**" ગણી શકાય તેમ અત્રેની અદાલતનુ માનવુ છે.

આ તબક્કે **1965** AIR **942, S.** Varadrajan -V/s- State of Madras ના ચુકાદામાં પ્રતિપાદિત થયેલ સિદ્ધાંત ધ્યાને લેવામાં આવે તો...

> "Where a minor girl, alleged to be taken away by the accused person, had left her father's protection knowing and having capacity to know the full import of what she was doing and voluntarily joined the accused, it could not be said that the accused had taken her away from the keeping, of her lawful guardian within the meaning of S.361 of the Indian Penal Code (Act XLV of 1860). Something more had to be done in a case of that kind, such as an inducement held out by the accused person or an active participation by him in the formation of the intention, either immediately prior to the minor leaving her father's protection or at some earlier stage. If the evidence failed to establish one of these tings, the accused would not be guilty of the offence merely

because after she had actually left her guardian's house or a house where her guardian had kept her she joined the accused, and the accused helped her in her design not to return to her guardian's house by taking her along with him from place to place."

વધુમાં,

Further, this Court in S.Varadrajan (supra) explicitly held that a charge of kidnapping would not be made out only in a case where a minor, with the knowledge and capacity to know the full import of her actions, voluntarily abandons the care of her guardian without any aassistance or inducement on part of the accused. The cited judgment, thereore, cannot be of any assistance without establishing: first, knowledge and capacity with the monor of her actions; second, voluntary abandonment on part of the minor; and third, lack of inducement by the accused.

**૧૬.૬** આમ, ભોગબનનારનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં ભોગબનનાર અને હાલના આરોપી એક જ કારખાનામાં કામ કરતા હતા તેથી એકબીજાને ઓળખતા હોય પરંતુ  હાલના આરોપી દ્વારા ભોગબનનારને લગ્નની લાલચ આપી, લલચાવી ફોસલાવી ફરિયાદીનાં કાયદેસરના વાલીપણામાંથી તેણીનું અપહરણ કરી લઈ જવામાં આવેલ હોય તેવું જણાતું નથી. જેથી હાલના આરોપીએ સહઆરોપી અશોકભાઈ હરીન્દ્રભાઈ રાજબર સાથે એકસંપ થઈ, તારીખઃ ૧૭/૦૧/૨૦૦૮ના રોજ રાત્રિના ૨૨:૦૦ કલાકથી તારીખઃ ૧૮/૦૧/૨૦૦૮ના રોજ વહેલી સવારે ૦૪:૦૦ કલાક દરમિયાન

મોટા મવા, કાલાવાડ રોડ, રાજકોટ ખાતેથી ભોગ બનનારને લલચાવી, ફોસલાવી તેના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ તથા અપનયન કરવામાં સહઆરોપીને મદદગારી કરેલ હોવાનુ ભોગબનનારના પુરાવાથી પ્રથમ દર્શનીય રીતે ફલીત થતુ નથી અને તેથી આંક ૧૦ થી ફરમાવેલ તહોમતનામા મુજબના આક્ષેપિત ગુન્હાના આક્ષેપો સબબ હાલના આરોપીને ભોગબનનારના પુરાવાથી સાંકળી શકાય તેમ નથી.

૧૭. આ કામે ફરિયાદપક્ષ તરફે **આંક ૨૫ થી ફરિયાદીના પત્ની અને ભોગબનનારના માતા સાહેદ રસીલાબેનનો મુખ્ય એટ્રોસીટી કેસના કામે સોગંદ ઉપર નોંધાયેલ પુરાવો** રજુ રાખવામાં આવેલ છે જેમાં સાહેદે જણાવેલ છે કે, તેણી પોતાના પતિ સાથે રંગોલી પાર્ક, કાલાવડ રોડ ખાતે રહેતી હતી અને ભોગબનનાર તેમની મોટી દિકરી થાય છે જેની ઉંમર જુબાની સમયે ૧૪ વર્ષની હોવાનુ જણાવેલ છે તેમજ તેમની ભોગબનનાર દિકરી કારખાનામાં કામ કરતા છોકરા સાથે જતી રહેલી તેટલી તેણીને ખબર પડેલી અને પછી તેમના પતિ તેમની દિકરીને યુ.પી.માંથી લઇ આવેલા. વધુમાં સાહેદે જણાવેલ છે કે તેમની દિકરી ભોગબનનારે તેમને જણાવેલ કે તેણીને લલચાવી, ફોસલાવીને લઇ ગયેલા, બીજી કોઇ વાત તેણીને ભોગબનનારે કરેલી નહિ તેમજ ભોગબનનારે બનાવ બાબતે બીજુ કાંઇ જણાવેલુ નહિ. વધુમાં સાહેદે જણાવેલ છે કે તેમની દિકરીને શેની લાલચ આપવામાં આવેલી તેની તેણીને ખબર નથી અને તેમની દિકરી સાથે યુ.પી.માં કોઇ બનાવ બન્યાનુ તેણીને જણાવેલ નથી. વધુમાં સાહેદે આરોપી અશોક તેમની દિકરીને ઉપાડી ગયેલ હોવાનુ જણાવેલ છે અને આરોપી અશોકને ઓળખી બતાવેલ છે. સદરહુ સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદે જણાવેલ છે કે, તેમની

દિકરીની જન્મ તારીખ તેણીને યાદ નથી. વધુમાં સાહેદે જણાવેલ છે કે તેણી આરોપી અશોકને બનાવ પહેલા ઓળખતી હતી અને કોર્ટમાં તેણીએ આરોપી અશોકને ઓળખી બતાવેલ છે.

**૧૭.૧** આમ, ઉપરોક્ત સાહેદનો સમગ્ર પુરાવો વંચાણે લઇએ તો હાલના આરોપી મુરલી દ્વારા કોઈપણ રીતે બનાવમાં મુખ્ય આરોપી અશોકને મદદગારી કરેલ હોવાની લેશમાત્ર હકીકત સદરહુ સાહેદના પુરાવામાંથી જણાય આવતી નથી ત્યારે તેમજ ભોગબનનાર સાહેદે હાલના આરોપી વિરુદ્ધ કોઇ જ હકીકતો સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ નથી જેથી સદરહુ સાહેદનો સમગ્ર પુરાવો ફરિયાદપક્ષને આરોપી વિરુદ્ધ આક્ષેપિત ગુન્હા સાથે સાંકળવા માટે મદદરુપ બનતો હોવાનુ માની શકાય તેમ નથી.

<u>**તબીબી પુરાવો.**</u>

**૧૮.** આ કામે ફરિયાદપક્ષ તરફે **આંક ૨૩ થી ભોગબનનારની મેડીકલ તપાસણી કરનાર ડો. હંસાબેન લાલજીભાઈ કાચડીયાનો મુખ્ય સ્પે. એટ્રોસીટી કેસના કામે નોંધાયેલ સોગંદ ઉપરનો પુરાવો** રજુ રાખવામાં આવેલ છે જેમાં સદરહુ તબીબી સાહેદના જણાવ્યા મુજબ ભોગબનનારના જરૂરી નમુનાઓ લીધેલા તેમજ ભોગબનનારે લખાવેલ હિસ્ટ્રી મુજબ તેણીને અશોકકુમાર રાય સાથે આશરે બે ત્રણ મહિનાથી પ્રેમ હતો અને જેને તેણી આઠ મહિનાથી ઓળખતી હતી તેમજ અશોકકુમાર રાય સાથે તેણી પોતાની મરજીથી તારીખઃ ૧૭/૦૧/૨૦૦૮ ના રોજ પોતાના ઘરેથી બસમાં અમદાવાદ ગઈ હતી અને ત્યાંથી ટ્રેનમાં દિલ્હી ગયેલ અને ત્યાંથી યુ.પી. ગયેલ હોવાનુ જણાવેલ છે. વધુમાં ભોગબનનારના શારિરીક અંગો પુર્ણ રીતે વિકસીત હતા અને મેડીકલ ઓફિસરે જણાવેલ છે કે તેમના અભિપ્રાય મુજબ ભોગબનનાર શારિરીક સંભોગ માટે ટેવાયેલ હતા તેમજ તબીબી સાહેદના પુરાવા દરમ્યાન ભોગબનનારની મેડીકલ

તપાસણીનુ સર્ટિફિકેટ આ કામે આંક ૩૬ થી રજુ થયેલ છે. સદરહુ સાહેદની બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, દર્દીની બાહ્ય અને આંતરિક ભાગની તપાસ કરતા કોઈ શારિરીક ઈજાના નિશાન જોવા મળેલા નહિ.

**૧૮.૧** આમ, ઉપરોક્ત તબીબી સાહેદનો સમગ્ર પુરાવો વંચાણે લેતા હાલના આરોપી દ્વારા ભોગબનનારને સહ આરોપી અશોકભાઈ હરીન્દ્રભાઈએ તેના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી અપહરણ અને અપનય કરી ભગાડી લઈ જવામાં હાલના આરોપીએ કોઈ મદદગારી કરેલ હોવાની હકીકતો ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ મહત્વના સાહેદ ભોગબનનારના પુરાવામાંથી નિઃશંકપણે પુરવાર થતી નથી. જેથી હાલના તબીબી સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને અને વંચાણે લેતા આરોપીને આક્ષેપિત ગુન્હા સાથે સાંકળી શકાય તેમ નથી તેમ અત્રેની અદાલતનુ સ્પષ્ટ માનવુ છે.

**૧૯.** આ કામે ફરિયાદપક્ષ તરફે **આંક ૨૦ થી આરોપી અશોકભાઈ હરેન્દ્રભાઈની મેડીકલ તપાસણી કરનાર ડો. જેતેન્દ્ર જીવરામભાઈ જોશીનો સોગંદ ઉપર મુખ્ય કેસમાં નોંધાયેલ પુરાવો** રજુ થયેલ છે. સદરહુ સાહેદનો સમગ્ર પુરાવો વંચાણે લેતા આરોપી અશોક હરીન્દ્રભાઈ રાજબરના સેક્સ કૅરેક્ટર સારા ડેવલપ થયેલ હતા તેમજ મેડીકલ તપાસણી દરમ્યાન જરુરી સેમ્પલો લેવામાં આવેલા અને આરોપીની મેડીકલ તપાસણીનુ સર્ટિફિકેટ રજુ રાખવામાં આવેલ છે. વધુમાં સદરહુ તબીબી સાહેદની બચાવપક્ષ તરફે કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

**૧૯.૧** વધુમાં ઉપરોક્ત તબીબી સાહેદે ભોગબનનારની ઉંમર અંગે જુદા જુદા વિભાગોમાંથી અભિપ્રાય મેળવેલા અને તેમના અભિપ્રાય મુજબ ભોગબનનારની ઉંમર ૧૫ થી ૧૭ વર્ષની હોવાનો અભિપ્રાય થતો હોવાનુ જણાવેલ છે અને તે મુજબ તેઓએ પ્રમાણપત્ર પણ આપેલ

છે.

**૧૯.૨** આમ, ઉપરોક્ત તબીબી સાહેદનો સમગ્ર પુરાવો વંચાણે લેતા આરોપી અશોકભાઇ હરીન્દરભાઇ રાજબરના સેક્સ કેરેક્ટર સારા ડેપલપ થયેલ હતા તેમજ ભોગબનનારની ઉંમર ૧૫ થી ૧૭ વર્ષની હોવાનો અભિપ્રાય આપેલ છે પરંતુ જ્યારે ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ હાલના આરોપી મુરલી દ્વારા આરોપી અશોકભાઇ હરીન્દ્રભાઇ રાજબરને ભોગબનનારનુ અપહરણ કરવામાં કે અન્ય કોઇ રીતે કોઇપણ પ્રકારની મદદગારી કરેલ હોવાની હકીકતો રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાની હકીકતોથી જણાય આવેલ નથી ત્યારે સદરહુ સાહેદનો પુરાવો હાલના આરોપીને આક્ષેપિત ગુન્હા સાથે સાંકળવા માટે ફરિયાદપક્ષના કેસની હકીકતોને મદદરુપ બનતો હોવાનુ માની શકાય તેમ નથી.

**<u>નજરો જોનાર સાહેદનો પુરાવો</u>**.

**૨૦.** આ કામે ફરિયાદપક્ષ તરફે **આંક ૨૪ થી નજરે જોનાર સાહેદ નારણભાઇ ભીમજીભાઇ રાઠોડનો મુખ્ય કેસના કામે સોગંદ ઉપર નોંધાયેલ પુરાવો** રજુ રાખેલ છે જેમાં સાહેદે જણાવેલ છે કે, તેઓ મનસુખભાઇને ઓળખે છે અને તે તેમના પાડોશી થાય છે અને તેઓ બનાવ વખતે તેમની બાજુમાં રહેતા હતા અને બનાવ આશરે એકાદ વર્ષ પહેલા બનેલો જેમાં તેઓ રોડ ક્રોસ કરીને સંડાસ કરવા જતા હતા ત્યારે એક રીક્ષા નીકળેલી અને રીક્ષામાંથી એક છોકરીએ અવાજ મારેલો, એક છોકરી ભોગબનનાર એ રાડ પાડેલી. એ ભાઇ.. એટલે તેઓએ પાછળ જોયુ તો રીક્ષામાંથી અવાજ આવેલો અને પછી તેઓ પોતાના ઘરે ગયેલા અને લ્યુના લઇને રીક્ષાની પાછળ ગયેલ પણ રીક્ષા કે કોઇ મળેલુ નહિ. સાહેદે વધુમાં જણાવેલ છે કે રીક્ષામાં ભોગબનનાર હતી અને તેની સાથે ત્રણ ચાર જણા હતા તેમજ જણાવેલ છે કે રીક્ષામાં આરોપી હતો અને આરોપીને કોર્ટ સમક્ષ

ઓળખી બતાવેલ છે અને બીજા એક ભાઇ પણ હોવાનુ જણાવેલ છે. વધુમાં સાહેદે જણાવેલ કે બીજા દિવસે જાણેલુ કે ભોગબનનાર ફરિયાદીની દિકરી ઘરે નથી અને તેઓએ ફરિયાદીને જણાવેલ કે રીક્ષામાં ભોગબનનાર હતી અને તેમની પુછપરછ કરેલી. સદરહુ સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે તેઓએ જે રોડ પસાર કરેલ તે રોડ ઉપર ઘણા બધા માણસોની અવર જવર હોય છે.

**૨૦.૧** આમ, સદરહુ સાહેદનો સમગ્ર પુરાવો વંચાણે લઈએ તો હાલના આરોપીને તેઓએ ભોગબનનાર સાથે રીક્ષામાં જોયેલ હોવાનુ ફલીત થતુ નથી અને હાલના આરોપી દ્વારા ભોગબનનારનુ અપહરણ કરવામાં આવેલ હોય કે હાલના આરોપીએ ભોગબનનારનુ અપહરણ કરવામાં કે અન્ય કોઇ રીતે આરોપી અશોકભાઇને મદદગારી કરેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર પુરવાર થતી નથી. જેથી સદરહુ સાહેદનો સમગ્ર પુરાવો વંચાણે લેતા હાલના આરોપીને આક્ષેપિત ગુન્હા સાથે સાંકળી શકાય તેમ નથી.

**<u>પંચ સાહેદો તથા અન્ય સાહેદોનો પુરાવો</u>.**

**૨૧.** આ કામે ફરિયાદપક્ષ દ્વારા **આંક ૨૧ થી પંચ સાહેદ હીરાભાઇ રાજાભાઇ રાઠોડનો** તેમજ **આંક ૨૨ થી પંચ સાહેદ રાજેશભાઇ જાદવભાઇ તથા આરોપીઓ જે કારખાનામાં કામ કરતા હતા તે કારખાનાના માલીક રસીકભાઇ રામજીભાઇ ભાલાળાનો સોગંદ ઉપર મુખ્ય કેસમાં નોંધાયેલ પુરાવો** રજુ થયેલ છે. જે પંચ સાહેદો તથા સાહેદ રસીકભાઇનો સમગ્ર પુરાવો વંચાણે લેતા ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ હાલના આરોપી દ્વારા ભોગબનનારનુ અપહરણ કરવામાં મુખ્ય આરોપી અશોકભાઇ હરીન્દરભાઇ રાજબરને મદદગારી કરેલ હોવાનુ ફલીત થતુ નથી જેથી સદરહુ સાહેદોના પુરાવાની હકીકતોથી હાલના

આરોપીને આક્ષેપિત ગુન્હા સાથે સાંકળી શકાય તેમ નથી.

<u>પોલીસ સાહેદોનો પુરાવો.</u>

૨૨. આ કામે ફરિયાદપક્ષ તરફે **આંક ૨૯ થી ફરિયાદીની ફરિયાદ નોંધનાર પી.એસ.આઇ. – પ્રવિણસિંહ રામસિંહ રાઠોડ**નો મુખ્ય એટ્રોસીટી કેસના કામે નોંધાયેલ સોગંદ ઉપરનો પુરાવો રજુ થયેલ છે જેમાં સાહેદે જણાવેલ છે કે, તારીખઃ ૧૫/૦૨/૨૦૦૮ ના રોજ તેઓ પોતાની ફરજ પર હતા ત્યારે ફરિયાદીના લખાવ્યા મુજબની ફરિયાદ નોંધી લીધેલી અને અને ફરિયાદ અન્વયે ગુન્હો દાખલ કરવા માટેનો પત્ર લખેલ તેમજ ગુન્હો દાખલ થયા બાદ આગળની તપાસ એસસીએસટી સેલના નાયબ અધિકારીને સોંપવામાં આવેલી અને તેઓએ કરેલ હુકમના આધારે દિલ્હી અને હરિયાણા તપાસ કરેલી. સદરહુ સાહેદની બચાવપક્ષ દ્વારા કરાયેલી ઉલટ તપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, આ કામે તેઓએ તપાસ અંગે બહારગામ જવા અંગેનો લેખિત આધાર આ કામે રજુ કરેલ નથી. આમ, સદરહુ સાહેદનો સમગ્ર પુરાવો વંચાણે લેતા તેઓએ આ કામે જે જે કાર્યવાહી કરેલી તે સંદર્ભે પુરાવો આપેલ છે અને તે રીતે સદરહુ સાહેદનો પુરાવો તે વિધીવત પ્રકારના સાહેદ તરીકેનો પુરાવો છે.

૨૩. આ કામે ફરિયાદપક્ષ તરફે **આંક ૩૦ થી ગુન્હો નોંધનાર પી.એસ.ઓ. ખીમજીભાઇ ધનજીભાઇ**નો મુખ્ય એટ્રોસીટી કેસના કામે નોંધાયેલ સોગંદ ઉપરનો પુરાવો રજુ થયેલ છે જેમાં સાહેદે જણાવેલ છે કે, તારીખઃ ૧૫/૦૨/૨૦૦૮ ના રોજ તેઓ પોતાની ફરજ પર હતા તે દરમ્યાન ફરિયાદીની ફરિયાદના આધારે ગુન્હો દાખલ કરેલો અને આગળની જરુરી તપાસ માટે એસસીએસટી સેલના નાયબ પોલીસ અધિકારીશ્રીને તપાસ સોંપેલ. સદરહુ સાહેદે બચાવપક્ષે કરાયેલી ઉલટ તપાસમાં સ્વીકારાયેલ છે કે બનાવ અંગે તેમને કોઇ જાત

માહિતી નથી તેમજ ફરિયાદ દાખલ કર્યા બાદ તેઓએ ભારે ગુન્હાનો રિપોર્ટ કરેલો અને તેઓએ મુદામ માણસ મારફત આ રિપોર્ટ મોકલી આપેલ અને તે રીપોર્ટ જે તે અધિકારીને ક્યારે મળેલ તેની તેમને અંગત માહિતી નથી. આમ, સદરહુ સાહેદનો સમગ્ર પુરાવો વંચાણે લઈએ તો તેમના દ્વારા આ કામે ફરિયાદીની ફરિયાદ નોંધાયા બાદ ભારે ગુન્હાનો રિપોર્ટ કરેલો હોવાનુ જણાવે છે અને બનાવ બાબતે તેમને અંગત કોઈ જાતમાહિતી નથી.

**<u>તપાસ કરનાર અધિકારીનો પુરાવોઃ</u>**

૨૪. આ કામે ફરિયાદપક્ષ તરફે **આંક ૩૧ થી તપાસ કરનાર અધિકારી – સોમાભાઈ બાવળભાઈ રાવલ**ને મુખ્ય એટ્રોસીટી કેસના કામે સોગંદ ઉપર તપાસાયેલ છે અને તેમનો સોગંદ ઉપરનો પુરાવો હાલના કામે રજુ રાખવામાં આવેલ છે જેમાં સાહેદે જણાવેલ છે કે તારીખઃ ૦૫/૦૨/૨૦૦૮ ના અરસામાં એસસીએસટી સેલ, રાજકોટ તરીકે ફરજ બજાવતા હતા અને તારીખઃ ૧૫/૦૨/૨૦૦૮ ના રોજ આ ગુનાની તપાસ તેમને સોંપતા તેઓએ તપાસ સંભાળી લઈ તારીખઃ ૧૬/૦૨/૨૦૦૮ ના રોજ ફરિયાદીનુ વિશેષ નિવેદન લીધેલુ તથા લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને શ્રી રાઠોડે પોતાના રુબરુ લીધેલી ફરિયાદ સામેલ રાખેલી અને સાહેદ નારણભાઈએ ગુન્હાવાળી જગ્યા બતાવતા, બે પંચો રુબરુ પંચનામું કરવામાં આવેલ અને ફરિયાદીએ જાતિનો દાખલો રજુ કરતા કામમા સામેલ રાખેલ તેમજ આરોપીની મોબાઈલ પ્રિન્ટ મેળવવા માટે પ્રયત્ન કરેલ તેમજ હરિયાણા ખાતે ટીમ મોકલેલી પણ મળેલ નહિ અને ત્યારબાદ ફરિયાદીએ એક લેખિત અરજી આપતા અને તેમાં ભોગબનનાર તથા આરોપી યુ.પી. સાઈડ હોવાનુ જણાવતા પોલીસ ટીમ મોકલી કબ્જો મેળવી રાજકોટ લાવેલા અને ભોગબનનારનુ નિવેદન નોંધેલુ અને કલમ ૩૭૬ નો ઉમેરો કરવા માટે રીપોર્ટ કરેલો તેમજ ભોગબનનારના

કપડા પંચનામાની વિગતે કબ્જે કરેલા અને ભોગબનનાર તથા આરોપીની મેડીકલ તપાસણી કરાવવામાં આવેલી અને આરોપી અશોકભાઇને પંચનામાની વિગતે અટક કરેલ તેમજ મુદામાલ રવાનગી કરેલી અને તપાસના અંતે આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ કરવામાં આવેલ તેમજ સદરહુ સાહેદના પુરાવા દરમ્યાન અન્ય દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**૨૪.૧** સદરહુ સાહેદ તપાસ કરનાર અમલદારની બચાવપક્ષ દ્વારા ઉલટ તપાસ કરાયેલ છે જેમાં સાહેદે સ્વીકારેલ છે કે, આ ગુન્હાની તપાસ ડીવાય.એસ.પી. કક્ષાના અધિકારીએ જાતે કરવી જોઇએ અને બીજા તાબાના અધિકારીને આવી તપાસ સોંપી શકાય નહિ તેમજ અધુરી તપાસ એટલે ગુન્હાના લગતી સંપુર્ણ કાર્યવાહી જેમાં નિવેદન નોંધવાનો પણ સમાવેશ થાય છે તેમજ ફરિયાદીના જાતિના પ્રમાણપત્ર બાબતે ખરાઇ કરવા તેઓએ કોઇની પુછપરછ કરેલી નથી.

**૨૪.૨** આમ, ઉપરોક્ત નોંધવામાં આવેલ તપાસ કરનાર અમલદારનો સમગ્ર પુરાવો વંચાણે લેતા સદરહુ કામની સંપુર્ણ તપાસ ડીવાય.એસ.પી. કક્ષાના અધિકારીએ જ કરવાની હોય છે અને આ કામે હાલના તપાસ અધિકારીના જણાવ્યા મુજબ હરિયાણા તેમજ યુ.પી. ખાતે તેઓ દ્વારા જાતે જઇને ભોગબનનાર અને આરોપીની શોધખોળ કરવામાં આવેલ નથી પરંતુ ટીમનો મોકલવામાં આવેલ હોવાનુ જણાવવામાં આવેલ છે. વધુમાં સદરહુ સાહેદ તપાસ કરનાર અધિકારીનો સમગ્ર પુરાવો તથા આ કામે આંક ૩૩ થી આંક ૪૬ સુધીના દસ્તાવેજો ધ્યાને તથા વંચાણે લઇએ તો તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવા દરમ્યાન પોતાની ફરજના ભાગરુપે તપાસ કરી ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે પરંતુ અગાઉ ચર્ચા કર્યા મુજબ મહત્વના સાહેદ ભોગ બનનાર અને ફરિયાદી તેમજ ફરિયાદીના પત્નીના પુરાવામાંથી હાલના આરોપીએ સહ આરોપી અશોકભાઇ

હરીન્દરભાઈને ભોગબનનારનુ અપહરણ કે અપનયન કરવામાં મદદગારી કરેલ હોવાનુ ફલીત થતુ નથી. આ સંજોગોમાં તપાસ કરનાર અધિકારીના પુરાવાથી ફરિયાદપક્ષના કેસને કોઈ મદદ મળતી હોવાનું જણાય આવતુ નથી.

**૨૫.** આમ, ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ હાલના કામે માત્ર ફરિયાદી તથા ભોગબનનારને સોગંદ ઉપર તપાસાયેલ છે અને અન્ય તમામ સાહેદોનો સોગંદ ઉપરનો પુરાવો કે જે એટ્રો કેસ નંબરઃ ૦૯/૨૦૦૮ ના કામે નોંધાયેલ છે તે તમામ મૌખિક પુરાવાઓની ખરીનકલ ફરિયાદપક્ષ તરફે આ કામે રજુ રખાયેલ છે અને તે બચાવપક્ષ તરફે એડોપ્ટ કરવામાં આવેલ છે. વધુમાં અત્રે એ નોંધ લેવી ઘટે કે મુખ્ય એટ્રો કેસ નંબરઃ ૦૯/૨૦૦૮ ના કામે મુખ્ય આરોપી અશોકભાઇ હરીન્દ્રભાઇ રાજબરને દોષિત ઠેરવવામાં આવેલ છે પરંતુ હાલના આરોપી દ્વારા મુખ્ય આરોપી અશોકભાઇને ભોગબનનારનુ અપહરણ કરવામાં કોઈ મદદગારી કરેલ હોવાનુ મહત્વના સાહેદ ભોગબનનાર તથા ફરિયાદી અને ફરિયાદીના પત્નીના સોગંદ ઉપરના પુરાવાની હકીકતોથી નિઃશંકપણે પુરવાર થતુ નથી. વધુમાં આ કામે રજુ થયેલ અન્ય તમામ સાહેદો જેવા કે નજરે જોનાર સાહેદ તથા અન્ય સાહેદોનો સમગ્ર પુરાવો તેમજ રેકર્ડ પર રજુ થયેલ સમગ્ર દસ્તાવેજી પુરાવાની હકીકતો કાળજીપુર્વક ધ્યાને તથા વંચાણે લેતા પણ હાલના આરોપી દ્વારા ભોગબનનાર કે જે અનુસુચિત જાતિની સભ્ય હોવાનુ જાણવા છતા મુખ્ય આરોપીને તેણીનુ અપહરણ કરવામાં મદદગારી કરેલ હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર થતી નથી. આ તમામ હકીકતો અને સંજોગોમાં હાલના આરોપીએ સહઆરોપી અશોકભાઈ હરીન્દ્રભાઈ રાજબર સાથે એકસંપ થઈ, તારીખઃ ૧૭/૦૧/૨૦૦૮ના રોજ રાત્રિના ૨૨:૦૦ કલાકથી તારીખઃ ૧૮/૦૧/૨૦૦૮ના રોજ વહેલી સવારે ૦૪:૦૦ કલાક દરમિયાન

મોટા મવા, કાલાવાડ રોડ, રાજકોટ ખાતેથી ભોગ બનનાર કે જે અનુસુચિત જાતિની સભ્ય હોવાનુ જાણવા છતા તેણીને લલચાવી, ફોસલાવી તેના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ તથા અપનયન કરવામાં સહઆરોપીને મદદગારી કરેલ હોવાની આરોપી વિરુદ્ધના આક્ષેપિત ગુન્હાની હકીકતો નિઃશંકપણે પુરવાર થતી નથી.

૨૬. આ તબક્કે નામદાર ગુજરાત હાઈકોર્ટના ક્રિમીનલ અપીલ નંબરઃ ૧૫૪૨/૨૦૧૯ ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત નીચે મુજબ છે.

*Para-5. Having regard to the submissions made by the learned advocates for the respective parties and to the documents on record, more particularly, the depositions of the witnesses and the findings recorded by the Special Court, it appears that the victim was aged about 17 years and 6 months on the date of alleged incident on 06.03.2018, however, in her evidence before the Special Court, she had stated that she had left the house as her mother had scolded her and she had gone to the house of the maternal uncle. She had further stated that after four days of the incident, her mother having telephoned her, her maternal uncle had again brought her back to her parents. In short, the victim herself had not supported the case of the prosecution that the respondent – accused had forcibly taken her from the lawful custody of her parents and committed rape on her, as alleged by the prosecution. The other witnesses i.e. the brother and Bhabhi of the victim also had turned hostile. Thus, the material witnesses having turned hostile, there was hardly any evidence connecting the respondent – accused with the alleged crime. It is needless to say that when two views are possible, the appellate court*

*should be slow in interfering with the judgement of acquittal. The Special Court having recorded the findings that the prosecution had failed to prove the charges levelled against the respondent – accused beyond reasonable doubt, this Court is not inclined to interfere with the said findings, more particularly, when Ms. Pandey, learned advocate for the appellant, has failed to point out any illegality or infirmity in the impugned judgement and order passed by the Special Court.*

**૨૭.** આમ, ઉપરોક્ત નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં ઠરાવ્યા મુજબ હાલના કેસમાં મટીરીયલ વિટનેસ એટલે કે ભોગબનનાર સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી. આ સંજોગોમાં ભોગબનનાર જે મહત્વના સાહેદ છે તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં આરોપી સામેનુ તહોમત પુરવાર કરવા માટેનો પુરાવો આપેલ નથી. તે સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે કેસ પુરવાર કરી શકેલ નથી.

**૨૮.** વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટના રાજીવસિંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર ૨૦૧૫ એઆઈજે ઈએલએસસી પાના નંબરઃ ૫૭૬૬૩ ના ચુકાદામાં ઠરાવેલ છે કે, *It is well entrenched principal of Criminal jurisprudence that a charge can be said to be proved only when there is certain and explicit evidence ot warrant legal conviction and that no person can be held guilty on pure be, otherwise stirring he conscience of any court, suspicion alone cannot take the place of legal proof. The well established cannon of criminal justice is "fouler the crime higher the proof". In unmistakable terms, it is the mandate of law that the prosecution in order to succeed in a criminal trial, has to prove the charge(s) beyond all reasonable doubt.*

*The above enunciation resonated umpteen times to be reiterated in Raj Kumar Singh @ Raju @ Batya vs. State of Rajasthan (2013) 5 SCC 722 as succinctly summarized in paragraph 21 as hereunder:*

*"Suspicion, however grave it may be, cannot take the place of proof, and there is a large difference between something that "may be" proved and "will be proved". In a criminal trial, suspicion no matter how strong, cannot and must not be permitted to take place of proof. This is for the reason that the mental distance between "may be" and "must be" is quite large and divides vague conjectures from sure conclusions. In a criminal case, the court has a duty to ensure that mere conjectures or suspicion do not take the place of legal proof. The large distance between "may be" true and "must be" true, must be covered by way of clear, cogent and unimpeachable evidence produced by way of clear, cogent and unimpeachable evidence produced by the prosecution, before an accused is condemned as a convict, and the basic and golden rule must be applied. In such cases, while keeping in mind the distance between "may be" and "must be" true, the court must maintain the vital distance between conjectures and sure conclusions to be arrived at, on the touchstone of dispassionate judicial scrutiny based upon a complete and comprehensive appreciation of all features of the case, as well as the quality and credibility of the evidence brought on record. The court must ensure that miscarriage of justice is avoided*

*and if the facts and circumstances of a case so demand, then the benefit of doubt must be given to the accused., keeping in mind that a reasonable doubt is not an imaginary, trivial or a merely probable doubt, but a fair doubt that is based upon reason and common sense." [ Emphasis laid by the court]*

*In supplementation, it was held in affirmation of the view taken in Kali Ram vs. State of H.P. (1973) 2 SCC 808 that if two views are possible on the evidence adduced in the case, one pointing to the guilt of the accused and the other to his innocence, the view which is favourable to the accused should be adopted.*

*In terms of this judgment, suspicion, howsoever grave cannot take the place of proof and the prosecution case to succeed has to be in the category of "must be" and not "may be". A distance to be covered by way of clear, cogent and unimpeachable evidence to rule out any possibility of wrongful conviction of the accused and resultant miscarriage of justice. For this, the Court has to essentially undertake an exhaustive and analytical appraisal of the evidence on record and register findings as warranted by the same. The above proposition is so well-established that it does not call for multiple citations to further consolidate the same.*

૨૯. ઉપરોકત તમામ પુરાવાઓનું મુલ્યાંકન કરતાં તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતાં ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો પડે અને આરોપી સામે શંકા ઉપજે તેટલો પુરાવો હોય તો તેને તકસીરવાન ઠરાવી શકાય નહી. આ કામે મહત્વના સાહેદ ભોગબનનાર પોતે તથા ભોગ બનનારના પિતા અને માતાએ ફરીયાદ પક્ષના કેસને જરુરી સમર્થન કરેલ નથી. તે

સંજોગોમાં ઉપરોક્ત કારણો તેમજ પુરાવો ધ્યાને લેતાં ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નંબરઃ ૧ નો જવાબ નકારમા આપી મુદ્દા નંબરઃ ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-// આ ખ રી હુ ક મ //-**

૧. ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫(૧) અન્વયે, આ કામના આરોપી **મુરલી સ./ઓ. કન્નનસ્વામી ઉર્ફે જીકનેન ગવન્ડર મદ્રાસી,** ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૧૧૪ તથા એટ્રોસીટી એક્ટની કલમ-૩(૧)(૧૦)(૧૧), ૩(૨)(૫-એ) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. નોન વેલ્યુએબલ મુદામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

૩. વધુમાં આરોપી યુ.ટી.પી. હોય અને હાલ જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, અન્ય ગુન્હાના કામે તેમની જરુર ના હોય તો તેમને જેલમુક્ત કરવા અંગેની જરુરી યાદી, સંબંધિત જેલના જેલ અધિક્ષકશ્રીને કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪. જો આરોપી વિરુદ્ધના ગુન્હાને કામે અપીલ થાય તો અપીલ અદાલતમાં હાજર રહેવા માટે આરોપીએ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) મુજબ રૂા.૧૦,૦૦૦/- અંકે રુપિયા દસ હજાર પુરાના જામીન રજુ કરવા, જે જામીનગીરી છ માસ સુધી અમલમાં રહેશે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ રાજકોટ.
તારીખઃ ૦૮/૦૮/૨૦૨૬.

**(તેજસ એસ. બ્રહ્મભટ્ટ)**
બીજા એડી. સેશન્સ જજ,
રાજકોટ.
(**UID:GJ00609**)

*//phb//*